


# GDP વધી રહ્યો છે પણ પીવાનું સ્વચ્છ પાણી મળતું નથી

ભારતનો જીડીપી વધી રહ્યો છે, પણ તેની સાથે ગરીબી, અપોષણ, ભૂખમરો અને પીવાનાં પાણીની સમસ્યાઓ પણ વકરી રહી છે. મધ્યપ્રદેશનું ઈન્દોર શહેર સ્વચ્છતામાં પ્રથમ ક્રમાંકે આવે છે, પણ આ શહેરના વહીવટદારો ગરીબ નાગરિકોને પીવાનું સ્વચ્છ પાણી આપી શકતા નથી. ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના ૨૦૧૯ ના અહેવાલ મુજબ ઈન્દોર અને રાજધાની ભોપાલમાં ૫,૪૫,૦૦૦ થી વધુ લોકો ટાઈફોઈડ અને વાયરલ હેપેટાઈટિસ જેવા પાણીજન્ય રોગોથી પીડિત હોવાનું જાણવા મળ્યું હતું. ઈન્દોરના રહેવાસીઓ પીવાનાં પાણી માટે સંઘર્ષ કરી રહ્યા છે ત્યારે વાર્ષિક સ્વચ્છતા સર્વેક્ષણે ઈન્દોરને સતત આઠમી વખત ભારતનાં સૌથી સ્વચ્છ શહેરનો ખિતાબ આપ્યો હતો. તાજેતરમાં ગંદું પાણી પીવાને કારણે થયેલાં મૃત્યુએ ઈન્દોરની સ્વચ્છ શહેરની છબીને તોડી નાખી છે.

ઈન્દોરની ઘટના સમયે ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં ૧૫૦ થી વધુ બાળકોને દૂષિત પાણી પીવાના કારણે ટાઈફોઈડની શંકા સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. ગુજરાત સરકારના પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરોના ૮ જાન્યુઆરીના નિવેદન અનુસાર ગાંધીનગરમાં નવી નાખેલી પાઈપલાઈનમાં સાત લીકેજ પોઈન્ટ હતા, જેના કારણે ગટરનું ગંદું પાણી પીવાના પાણીમાં ભળી ગયું હતું. જો રાજધાની ગાંધીનગરમાં આવી હાલત હોય તો બીજાં શહેરોમાં કેવી હાલત હશે?

રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હી ક્ષેત્ર પણ તેમાં અપવાદ નથી. ખાનગી પાણી પુરવઠા માટે જાણીતું ગુરુગ્રામ પણ આ સમસ્યાનો સામનો કરી રહ્યું છે. ડિસેમ્બરની શરૂઆતમાં નળનું પાણી પીધા પછી સેક્ટર ૭૦-A ના રહેવાસીઓએ ઝાડા અને પેટની બીમારીઓની ફરિયાદ કરી હતી. લગભગ ૬૦-૭૦ લોકો તેનાથી પ્રભાવિત થયા હતા, જેમાંથી ૧૦ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. ગ્રેટર નોઈડાના ડેલ્ટા ૧ સેક્ટરના રહેવાસીઓએ પણ નળના પાણીનો ઉપયોગ કર્યા પછી ઊલટી, તાવ, પેટમાં દુખાવો અને ઝાડાની ફરિયાદ કરી હતી. તેમણે ફરિયાદ કરી હતી કે ગટરનું પાણી જળ પુરવઠામાં ભળેલું હતું. ગ્રેટર નોઈડા ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓથોરિટીના અધિકારીઓએ પીવાના પાણીમાં કોઈ દૂષણ હોવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ રહેવાસીઓ હજુ પણ અસંતુષ્ટ છે.

ભારતના ટેક હબ બેંગલુરુના લિંગરાજપુરમમાં એક નાના રહેણાંક વિસ્તાર, KSFC લેઆઉટમાં ઓછામાં ઓછા ૩૦ પરિવારોએ ઝાડા, ઊલટી અને પેટમાં પીડાની ફરિયાદ કરી હતી. દરમિયાન, પટનાના કાંકરબાગ હાઉસિંગ કોલોનીના રહેવાસીઓએ ઈન્દોર જેવી જ પરિસ્થિતિની ફરિયાદ કરી છે. ઘણા બ્લોકમાં નળનું પાણી એટલું દૂષિત છે કે ત્વચાના સંપર્કમાં આવવાથી ખંજવાળ આવે છે અને તેનો ઉપયોગ સ્નાન કે કપડાં ધોવા માટે પણ થઈ શકતો નથી. રહેવાસીઓ તૂટેલી પાઈપલાઈનોને દોષ આપે છે, જે દાયકાઓ જૂની છે અને ગટરની લાઈન સાથે જોડાયેલી છે.

છત્તીસગઢની રાજધાની રાયપુરમાં કાચના હાઉસિંગ બોર્ડ વિસ્તાર, પિંક સિટી, સેજબહાર હાઉસિંગ બોર્ડ કોલોની, સ્ટીલ સિટી અને ગાંધીનગરના રહેવાસીઓ ફરિયાદ કરે છે કે તેમને એક મહિનાથી દુર્ગંધયુક્ત અને દૂષિત નળનું પાણી મળી રહ્યું છે. કેટલાક લોકોએ જાન્યુઆરીની શરૂઆતમાં પાણીજન્ય રોગોની જાણ પણ કરી હતી. રહેવાસીઓનો આરોપ છે કે જૂની પાઈપલાઈનો અને ભરાયેલી ગટરોને કારણે ગટરનું પાણી પીવાના પાણીમાં ભળી ગયું છે. ખાસ કરીને ગરીબ પરિવારોને હવે પીવા માટે અને રસોઈની જરૂરિયાતો માટે બોટલબંધ પાણી ખરીદવાની ફરજ પડી રહી છે.

જો આખા ભારતની વાત કરીએ તો ફેબ્રુઆરી ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં નળનાં દૂષિત પાણીને કારણે ઓછામાં ઓછાં ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં ૧૨ શહેરોમાં રોગચાળો ફાટી નીકળ્યો હતો, જેના પરિણામે ઓછામાં ઓછા ૩૪ લોકો મૃત્યુ પામ્યા હતા અને ૫,૮૦૦ થી વધુ બીમાર પડ્યા હતા. સૌથી સામાન્ય રીતે નોંધાયેલી બીમારી ઝાડા હતી. ત્યારબાદ ટાઈફોઈડ, હેપેટાઈટિસ અને લાંબા સમય સુધી તાવની બીમારી થઈ હતી. આ ઘટનાઓએ એ ધારણાને ખોટી સાબિત કરી કે આવા રોગચાળા ચોમાસા દરમિયાન જ થાય છે. ચોમાસા દરમિયાન પૂર અને વહેતાં નાળાં ગટરના દૂષણનું જોખમ વધારે છે. જોકે આવા કિસ્સાઓ હવે બધી ઋતુઓમાં નોંધાઈ રહ્યા છે.

૧૫ જાન્યુઆરીના પોતાના આદેશમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ NGT એ પુનરોચ્ચાર કર્યો હતો કે પીવાના પાણીનું પ્રદૂષણ બંધારણના અનુચ્છેદ ૨૧નું સ્પષ્ટ ઉલ્લંઘન કરે છે. અનુચ્છેદ ૨૧ જીવન જીવવાના મૂળભૂત અધિકાર સાથે સંબંધિત છે, જેમાં સ્વચ્છ અને સુરક્ષિત પાણીનો અધિકાર પણ સામેલ છે. દેશભરમાં પાણી માટે ઓછામાં ઓછી ચાર મુખ્ય યોજનાઓ

**ભારતમાં ફેબ્રુઆરી ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં નળનાં દૂષિત પાણીને કારણે ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં ૧૨ શહેરોમાં રોગચાળો ફાટી નીકળ્યો હતો**

ચાલી રહી છેઃ અટલ કાયાકલ્પ અને શહેરી પરિવર્તન મિશન (AMRUT), નમામિ ગંગે કાર્યક્રમ, સ્માર્ટ સિટીઝ મિશન અને રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના. AMRUTનો પ્રથમ તબક્કો ૨૦૧૫ માં શરૂ કરવામાં આવ્યો હતો અને તેમાં ૫૦૦ શહેરોને આવરી લેવામાં આવ્યાં હતાં. તેનો ધ્યેય પ્રથમ તબક્કામાં સમાવિષ્ટ ૫૦૦ શહેરોમાં ૧૦૦ ટકા પાણી પુરવઠો અને સંપૂર્ણ ગટર અને વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવાનો હતો.

**ટાઈમ લાઈન**
**-સંજય વોરા**

ગંગા નદીને સાફ કરવાની કેન્દ્ર સરકારની મહત્ત્વાકાંક્ષી યોજના નમામિ ગંગે કાર્યક્રમમાં શહેરોમાં વ્યાપક ગટર વ્યવસ્થાના માળખાનો વિકાસ પણ સામેલ છે. આમાં ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ (STP) સ્થાપવા અને શુદ્ધિકરણ ન કરાયેલ ગટરને સીધા નદીમાં પ્રવેશતા અટકાવવા માટે અવરોધ અને ડાયવર્ઝન પગલાંનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય નદી સંરક્ષણ યોજના ભારતમાં અન્ય પ્રદૂષિત નદીઓના પટમાં સમાન પગલાં અમલમાં મૂકે છે. સ્માર્ટ સિટીઝ મિશન એક ડગલું આગળ વધે છે અને ૧૦૦ પસંદગીનાં શહેરોની કલ્પના કરે છે, જેમાં સ્માર્ટ વોટર મેનેજમેન્ટ, ૨૪ કલાક પાણી પુરવઠો, સ્માર્ટ મીટરિંગ દ્વારા પીવાના પાણીના નુકસાનમાં ઘટાડો અને અદ્યતન ગટર વ્યવસ્થાનો અમલ કરવામાં આવે છે. આ બધી યોજનાઓ કાગળ પર છે, પણ પાણીની સમસ્યા હલ થતી નથી.








# શાકુંતલમ્ઃ નાટ્યકળાનું રત્ન

ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરામાં નાટકની ગુંજ પ્રાચીન કાળથી જ ગુંજી રહી છે. સંસ્કૃત સાહિત્યના યુગથી શરૂ થઈને આજ સુધી, અનેક શ્રેષ્ઠ નાટકો રચાયા છે, જેણે પ્રેક્ષકોના દિલ જીત્યા છે અને સમાજ પર ઊંડી અસર છોડી છે. આ તમામમાં, કાલિદાસનું મહાકાવ્ય 'શાકુંતલમ્' એ ભારતીય નાટ્યકળાનું સર્વોચ્ચ શિખર માનવામાં આવે છે.

'શાકુંતલમ્' એ મહાભારતના આદિ પર્વમાં આવતા શકુંતલા-દુષ્યંતના પ્રણય, વિયોગ અને પુનર્મિલનની અમર કથા પર આધારિત છે. આ નાટક સાત અંકોમાં રચાયેલું છે.

વાર્તાની શરૂઆત રાજા દુષ્યંતની મૃગયા (શિકાર) દરમિયાન કણ્વ ઋષિના આશ્રમમાં પ્રવેશવાથી થાય છે. ત્યાં તે અપ્સરા મેનકા અને વિશ્વામિત્રની પુત્રી શકુંતલાને જુએ છે અને બંને વચ્ચે પહેલી નજરે જ પ્રેમ થઈ જાય છે. દુષ્યંત અને શકુંતલા ગાંધર્વ લગ્ન કરે છે અને દુષ્યંત પોતાની રાજધાની પાછો ફરે છે, શકુંતલાને વચન આપીને કે તે તેને પછી લઈ જશે.

જોકે, નસીબની રમત શરૂ થાય છે જ્યારે કણ્વ ઋષિની ગેરહાજરીમાં દુર્વાસા ઋષિ આશ્રમમાં આવે છે અને શકુંતલા દ્વારા તેમની ઉપેક્ષા થતા તેમને શ્રાપ આપે છે. દુર્વાસાના શ્રાપ મુજબ, શકુંતલા જેનો વિચાર કરી રહી છે તે તેને ભૂલી જશે. શ્રાપમાં છૂટછાટ આપતા ઋષિ કહે છે કે જ્યારે કોઈ સ્મૃતિચિહ્ન (વીંટી) દુષ્યંતને બતાવવામાં આવશે ત્યારે જ તેને શકુંતલા યાદ આવશે.

**કર્ટનકોલ**



આ શ્રાપના કારણે દુષ્યંત શકુંતલાને ભૂલી જાય છે. શકુંતલા જ્યારે રાજધાની જઈને તેને મળે છે, ત્યારે વીંટી ખોવાઈ જવાને કારણે તે શકુંતલાને ઓળખવાનો ઈનકાર કરે છે. આ વિયોગની વેદના અને પુનર્મિલનની આશા સાથે નાટક આગળ વધે છે.

'શાકુંતલમ્' તેની કલાત્મકતા, પ્રકૃતિનું સુંદર વર્ણન, પાત્રાલેખન અને રસની સૃષ્ટિ માટે પ્રખ્યાત છે. કાલિદાસની લેખન શૈલી અને ઉપમાઓનો ઉપયોગ (જેને 'ઉપમા કાલિદાસસ્ય' તરીકે ઓળખવામાં આવે છે) અદ્ભુત છે. શૃંગાર રસનું પ્રધાનતા, સાથે વિપ્રલંભ શૃંગાર અને કરુણ રસ પણ આ નાટકમાં સુંદરતાથી આલેખાયેલ છે. પ્રકૃતિનો શકુંતલાના જીવન સાથેનો ગાઢ સંબંધ અને ઋતુઓની અનોખી ભૂમિકા પણ આ નાટકને વધુ સમૃદ્ધ બનાવે છે.

'શાકુંતલમ્'ના રચયિતા કાલિદાસ, સંસ્કૃત સાહિત્યના એક પ્રખ્યાત કવિ અને નાટ્યકાર હતા. કાલિદાસની અન્ય કૃતિઓમાં 'મેઘદૂતમ્', 'રઘુવંશમ્', 'કુમારસંભવમ્' અને 'વિક્રમોર્વશીયમ્' વગેરેનો સમાવેશ થાય છે. તેઓ ઉચ્ચ કોટિની ભાષાશૈલી અને શબ્દપ્રયોગ માટે જાણીતા હતા.

'શાકુંતલમ્' માટે એવું માનવામાં આવે છે કે તે કાલિદાસના સમય દરમિયાન જ રાજવી દરબારો અને નાટ્ય મંડળીઓ દ્વારા ભજવાયું

**'શાકુંતલમ્' નાટક ભારતીય સંસ્કૃતિ અને કલાની સમૃદ્ધિનું પ્રતીક છે અને આવનારી પેઢીઓ માટે પણ પ્રેરણારૂપ બનતું જ રહેશે**

હતું. આ નાટકને તેની સાહિત્યિક શ્રેષ્ઠતા અને કલાત્મકતાના કારણે ખૂબ જ લોકપ્રિયતા મળી. તેની અસર અન્ય પ્રદેશોના નાટ્યકારો અને સાહિત્ય પર પણ પડી.

અનેક પ્રતિષ્ઠિત નાટ્યકારો અને કલાકારોએ આ નાટકમાં શકુંતલા અને દુષ્યંતના પાત્રો ભજવ્યા છે.

'શાકુંતલમ્' એક એવું નાટક છે જે હંમેશા નાટ્ય મંચો પર ભજવાતું રહ્યું છે. વિવિધ નાટ્ય સંસ્થાઓ, શાળાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં આ નાટકનું પ્રદર્શન નિયમિત રીતે થતું હોય છે. સતત જીવનરૂપ છે અને ભારતના ખૂણે-ખૂણે ભજવાય છે.

'શાકુંતલમ્' ભારતીય નાટ્યકળાનું એક અમર રત્ન છે. તેની આકર્ષક કથાવસ્તુ, કાલિદાસની પ્રતિભાશાળી લેખન શૈલી અને માનવ લાગણીઓનું ઊંડું આલેખન તેને સર્વકાલીન શ્રેષ્ઠ નાટકોમાંનું એક બનાવે છે. 'શાકુંતલમ્' નાટક ભારતીય સંસ્કૃતિ અને કલાની સમૃદ્ધિનું પ્રતીક છે અને આવનારી પેઢીઓ માટે પણ પ્રેરણારૂપ બનતું જ રહેશે.

## કબીરા ખડા બજારમેં

અનુસંધાન પાના ત્રણનું


ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસ્સા વગેરે રાજ્યોમાંથી ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય ઔદ્યોગિક રાજ્યોમાં સ્થળાંતર કરીને આવેલાં શ્રમિકો હાડમારીનો અંદેશો આવવાની સાથે વતનમાં પાછા ફરી રહ્યા છે., આમેય હવેના ઉનાળાઓમાં કારખાનાઓમાં કામ કરવાનું દોહ્યલું બનતુ જાય છે. બાળકોના વેકેશન આવી રહ્યા છે તેથી વતન જતાં રહેવાનું તેઓને વધુ મુનાસીબ જણાય છે. તેમાંય વાત ફેલાય કે લોકડાઉન જેવી અસર પડશે. લોકડાઉનની કડવી સ્મૃતિઓ હજી તાજી છે, માટે શ્રમિકો જોખમ ઉઠાવવા તૈયાર નથી. સુરત અને દેશના કાપડ ઉદ્યોગ પર તેની અસર જણાય છે. શ્રમિકોને ગેસની ટંચાઈ ઉપરાંત મોંઘવારી ફાટવાનો ડર સતાવી રહ્યો છે. આ પલાયનની અસર રૂપે એક અસહ્ય મંદી પેદા થઈ શકે છે. યુદ્ધનો જલ્દી અંત આવશે તો પણ ઔદ્યોગિક શરીરમાં નબળાઈ રહી જશે, જે ભરપાઈ થતાં સમય લાગી જશે. તેલ-ગેસની કિંમતો વધે એટલે તમામ ચીજવસ્તુઓ, ખાદ્યપદાર્થોની કિંમતો વધે. યુદ્ધ સમાપ્ત થઈ જાય અને ઊંચા દરની ઊર્જા વડે ઉત્પાદિત માલ, સસ્તામાં કેવી રીતે વેચવો? અમુક હરીફોએ ઓલરેડી નવી સસ્તી પડતરથી માલનું ઉત્પાદન કરી રાખ્યું હોય છે. નિર્માતાઓ અનિશ્ચિત સ્થિતિમાં પ્રોડક્શન બંધ રાખતા હોય છે, છતાં મકાનના ભાડાં, મૂડી પરના વ્યાજ, લોનના હપ્તા અને બીજા સ્થાયી ખર્ચાઓ ચાલુ જ હોય. ઊઘરાણીઓ વસુલ થવાની બાકી રહી જાય. આમ, કારખાનાં ચલાવે તો પણ તકલીફ ન ચલાવે તો પણ મુશ્કેલીઓ.

વર્તમાન સંકટમાં એક અવાજ ઊઠ્યો છે કે ભારત સરકાર ખૂબ લાંબા સમય માટે ઊર્જા સલામતીની વ્યવસ્થા કરે, જેથી કોઈ સંકટ ખૂબ લાંબો સમય ચાલે તો પણ દેશના ઉદ્યોગો, અર્થવ્યવસ્થા જળવાઈ રહે. ભારત સરકારે આજથી જ એ પ્રયત્નો આદરી દીધા છે, પણ રાતોરાત સાકાર થઈ જતાં નથી. માળખાં સ્થાપવામાં વરસો લાગી જાય અને ભારતીયો અને ભારત સરકારની કાર્યપ્રણાલિઓ જોતાં વરસોનાં વરસો લાગી જાય.

ભારત એલપીજીની જરૂરિયાતના 60 ટકાની આયાત કરે છે. તેમાંનો 90 ટકા હિસ્સો હોર્મુઝ ખાડીની મારફતે આવે છે. ભારતમાં દર વરસે ત્રણથી સવા ત્રણ કરોડ ટન ગેસ વાપરે છે. ભારત પાસે જે તેલ ભંડારણની વ્યવસ્થા ત્રણેક મહિના તેલ ચાલે એટલી છે. જો લાંબા સમય માટે થાય તો ભાવમાં જે જાગતિક ઉઠાપઠક થાય તેની ભારત પરની અસરને નહીંવત બનાવી શકાય. ભારતમાં મેંગલુરૂ અને વિશાખાપટ્ટનમ ખાતે ભંડારણ વ્યવસ્થા છે. પણ તે સીમિત છે. શ્રીલંકાએ તેલનું રેશનિંગ શરૂ કરી દીધું છે. પાકિસ્તાને ગેસ સ્ટેશનો જ બંધ કરી દીધા છે. ફિલિપાઈન્સ, કમ્બોડિયા જેવા દેશોની પણ એ હાલત છે. દુનિયાની સરકારો લોકોને ઓછું પેટ્રોલ બાળવાની સલાહ સૂચનો આપી રહી છે. આ તંગીનો સૌથી મોટો ફાયદો ટ્રમ્પની કૃપાથી રશિયાના પુતીનને મળી રહ્યો છે. હવે શું થશે તે નક્કી નથી. સમાધાનના અણસાર જણાઈ રહ્યા છે. છતાં તેલ જૂઓ, તેલની ધાર જૂઓ.

## શબ્દ સાપ્તાહિકી

- અરવિંદ એસ. મારુ




**આડી ચાવી**

૧. નવું બનાવવાનું હોય તેવું (૫)
૪. પાછું (૩)
૬. ઇજન, નોતરું (૩)
૯. સરખું (૩)
૧૦. કઠણ નહિ એવું, પોચું (૩)
૧૨. માલિસ કરવું તે (૩)
૧૩. મહેરબાની, માન (૪)
૧૫. એક અનાજ (૨)
૧૬. મહિનો (૨)
૧૭. હિંમત (૨)
૧૮. રાહ, રસ્તો (૨)
૧૯. ન ખાવું તે, ઉપવાસ (૪)
૨૧. પંખીનું રહેવાનું ઘર (૨)
૨૨. સાવ સહેલી વાત (૫)
૨૫. શ્રીવિષ્ણુ (૨)
૨૬. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૨૮. ઠગારું, લુચ્ચું (૨)
૨૯. તિરસ્કાર (૪)
૩૨. પડતી (૪)
૩૫. અભિપ્રાય (૨)
૩૬. એક કઠોળ (૨)
૩૭. ધૂળ (૨)
૩૮. કિંમત, મૂલ્ય (૨)
૩૯. એક જળચર (૩)
૪૦. ચાલ ઝડપ (૨)
૪૧. હેતુ, આશય (૪)
૪૩. અનુકૂળ વખત(૨)
૪૪. પ્રતિજ્ઞા (૩)
૪૫. દડા જેવી એક રોટી (૨)
૪૭. કસબ, હુન્નર (૨)
૪૮. ફત્તેહ, વિજય (૨)
૪૯. રોકડું (૩)
૫૧. સૂક્ષ્મ ઇશારો (૪)
૫૬. મામાની પત્ની (૨)
૫૭. શોક, દુંખ (૨)
૫૯. કૂદકો (૩)
૬૧. સરોવર (૨)
૬૨. સોના-ચાંદીનું છેક પાતળું પતરું (૩)
૬૪. આકાશમાં જનારું (૫)
૬૭. અનાથ બાળક (૩)
૬૮. ગધેડો (૨)
૭૦. એક તેલીબી (૨)
૭૧. તાલાવેલી, તલપ (૩)
૭૨. છેડો, નિવેડો (૨)
૭૩. વિદાયગીરી (૪)
૭૪. ક્રોધ, નાશકારક આફત (૨)
૭૫. અવસ્થા (૨)
૭૬. દાંત (૩)


**ઊભી ચાવી**

૧. નસ, રક્તવાહિની (૨)
૨. વહાણવટી, સુકાની (૩)
૩. સોગન (૩)
૪. પાણીનો ઘાટ, જળાશય(૪)
૫. શરીર (૨)
૬. મૂલ્ય (૨)
૭. પાણી પીવાની ઇચ્છા (૩)
૮. ખૂબ મારથી હાડકાં નરમ થવા તે (૪)
૧૧. દાંત (૪)
૧૩. મરે નહિ એવું (૩)
૧૪. ઘોડાવાળો, શૂરવીર (૩)
૧૬. આદર, સન્માન (૨)
૧૮. વાર્તા (૨)
૧૯. દુશ્મન (૨)
૨૦. ધીરધારનો ધંધો કરનાર (૩)
૨૧. આદર (૨)
૨૩. સહાય (૩)
૨૪. રંગ, વર્ણ (૨)
૨૫. જમીન ખેડવાનું સાધન (૨)
૨૬. લીન, ડૂબેલું (૨)
૨૭. અવિવેક, અસભ્યતા (૪)
૨૮. લેખ, દસ્તાવેજ (૨)
૨૯. પર્વત(૨)
૩૦. રૂપાનું ધોળાશ પડતું (૩)
૩૧. હાથી (૨)
૩૩. પતિ (૨)
૩૪. શાંતિકારક (૩)
૩૫. લીલમ, નીલમ (૪)
૩૬. અક્કલ (૨)
૩૭. પરમેશ્વર (૨)
૪૦. ચાલવું તે, ગતિ (૩)
૪૧. દિલ (૨)
૪૨. નફો, લાભ (૩)
૪૩. શોધ (૩)
૪૫. અવાજ, ઘોષ (૨)
૪૬. પાણી, જળ (૨)
૪૮. ફત્તેહ, વિજય (૨)
૫૦. નાણું (૨)
૫૧. અમૃત (૨)
૫૨. દરિયો (૩)
૫૩. દુનિયા (૨)
૫૪. આંખની કીકી (૩)
૫૫. સફેદ દેહવાળું એક પક્ષી (૨)
૫૬. મારવું તે (૨)
૫૮. એક કઠોળ (૨)
૫૯. જમીન (૨)
૬૦. એક પક્ષી (૩)
૬૧. સરખી સપાટીવાળું (૪)
૬૨. પતિ (૨)
૬૩. તલવાર (૩)
૬૫. આકાશ (૩)
૬૬. બટન ઘાલવાનું નાકું (૨)
૬૮. સમાચાર (૩)
૬૯. તૃપ્ત, ધરાયેલું (૨)
૭૦. તપસ્યા (૨)
૭૨. ધૂન, મસ્તી (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

